આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

Vapi

9 July, 2018

# કપરાડા-ધરમપુરના ૨૩૮ ગામો વચ્ચેની એકમાત્ર વિજ્ઞાનપ્રવાહ કોલેજ

**સંસ્થા પરિચય**

**કરંજવેરીમાં માન નદીના કિનારે કુદરતી વાતાવરણમાં શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ વિજ્ઞાનશિક્ષણનું કાર્ય કરે છે : પ્રથમ બેચના ૮૫ ટકા પરીણામ સાથે હવે અહીં કેમેસ્ટ્રી અને માઇક્રોબાયોલોજીમાં એમ.એસ.સી. પણ શરુ થઇ જવા રહ્યું છે**





**ધરમપુર, તા. ૮ :** કલ્પના કરો કે જ્યાં થોડા જ વર્ષો પૂર્વે કેટલાય ગામો વચ્ચે વિજ્ઞાનપ્રવાહની કોઇ કોલેજ નહોતી એવા ધરમપુર કપરાડા વિસ્તારમાં આજે વિજ્ઞાનપ્રવાહની શાળા છે અને ત્રણ વર્ષે પૂર્વે અહીં ૨૩૮ ગામો વચ્ચે એક માત્ર અદ્યતન સુવિધાઓ સાથે વિજ્ઞાનપ્રવાહની કોલેજ શરૂ થઇ છે. તેના ટી વાય બીએસ ના પ્રથમ જ બેચે ૮૫ ટકા પરિણામ મેળવ્યુ છે. અને હજી વિશાળ ગગન આ વિદ્યાથીઓ માટે ખુલ્લું મુકાઇ ગયું છે. અહીં હેવ એમએસસીનો અભ્યાસક્રમ પણ શરૂ થઇ રહ્યો છે. આ એવું વિરાટ પગલુ છે કે વિજ્ઞાન લક્ષી વાતાવરણથી વંચિત આ વિસ્તારમાં આજે સ્નાતક અને અનુસ્નાતક બનવાની તકો ઘરઆગણે આપશે!જાણે વિજ્ઞાનપ્રવાહમાં શિક્ષણ લેવા ઉત્સુક વિદ્યાથીઓને પાંખો મળશે!

આ કોલેજ છે શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠ વીર નમર્દ દક્ષિણ ગુજરાત યુનિવસીટી સંલગ્ન આ કોલેજ કેમેસ્ટ્રી માઇક્રોબાયોલોજી બોટની અને મેથેમેટિકસમાં બીએસસીનો અભ્યાસક્રમ ધરાવે છે. હવે અહી કેમેસ્ટ્રી તથા માઇક્રોબાયોલોજીમાં એમએસસીનો અભ્યાસક્રમ પણ શરૂ થઇ રહ્યો છે. શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરના પ્રબુદ્ધ સંસ્થાપક પૂજય ગુરુદેવ રાકેશભાઇ પ્રેરણા અને માર્ગદર્શનથી કરંજવેરી ગામમાં માન નદીને કિનારે અત્યંત સુદર નૈસગિક વાતાવરણમાં વિશાળ જગ્યામાં શહેર જેવી અદ્યતન સુવિધાયુકત આ કોલેજ શરૂ કરવામાં આવી છે. તેનું લોકાપર્ણ ગુજરાતના મુખ્યપ્રધાન માનનીય વિજયભાઇ રૂપાણીના વરદ હસ્તે પૂજ્ય ગુરદેવની પાવન ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસગે પૂજય ગુરુદેવએ વિદ્યાથીઓ માટે જેટલું બૌદ્ધિક શિક્ષણ જરૂરી છે. તેટલુ જ સંસ્કારસિચન પણ જરૂરી છે. તે વાત પર ભાર મૂકયો હતો. તથા આ વિદ્યાપીઠ યુવાવર્ગમાં છૂપાયેલી અદભુત શકિતઓનું અનાવરણ કરવામાં મદદરૂપ થાય અને તેઓ ખૂબ ખૂબ પ્રગતિ કરે એવા આશીર્વાદ પણ આપ્યા હતા.

માનનીય મુખ્યમંત્રીએ પણ વિદ્યાપીઠના ઉદેશ્યને સહયોગ દર્શાવતા આશા વ્યકત કરી હતી. આ વિદ્યાપીઠ એવા વ્યકિતત્વોનું નિમાણ કરશે જેમાં વિજ્ઞાન,ધર્મ અને સત્યનું સંયોજન હોય

આમ શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠનો ઉદેશ્ય વિદ્યાથીઓનો સવાર્ગી વિકાસનો છે.ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરવા અહી અનુભવી અને તજજ્ઞ સ્ટાફ આધુનિક ઉપકરણોથી સુસજ્જ પ્રયોગશાળાઓ કમ્પ્યુટર લેબ અદ્યતન ગ્રંથાલય ઓડિયો-વિડિયો સહિતના વિશાળ લેકચર રૂમ છે. આ ઉપરાંત શૈક્ષણતરે પ્રવુતિઓ માટે રમતગમતનું મેદાન,યોગાભ્યાસ કલા કૌશલ્ય પ્રવુતિઓ અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ મેળવવાના વર્ગો તેમજ વ્યકિતગત વિકાસ પ્રવુતિઓ સાથે જીવન મૂલ્યો આધારિત શિક્ષણ અહીં આપવામાં આવે છે. વિચાર,વાણી અને વર્તણૂકમાં પરિવતન લાવી વિદ્યાથીઓનું ઘડતર કરવાના પ્રયાસો કરવામાં આવે છે. અવારનવાર વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા વિદ્યાથીઓને વર્કશોપ્સ કરાવવામાં આવે છે. સરકારશ્રીના નિયમ પ્રમાણે અનુસુચિત જનજાતિના વિદ્યાથીઓને કોલેજની સંપૂર્ણ ટયુશન ફી પરત મળવા પાત્ર છે આ ઉપરાતં વિદ્યાથીની આર્થિક પરિસ્થિતિને નોંધમાં લેતા જો જરૂર જણાય તો તેને શ્રીમદ રાજચંદ્ર વિદ્યા વિકાસ યોજના હેઠળ વ્યાજરહિત લોન આપવામાં આવે છે. વળી શિક્ષણ ઉપરાંત અહી આ વિદ્યાથીઓને વ્યવસાયલક્ષી તાલીમ અને વ્યાવસાયની તકો ઉપલબ્ધ કરાવવામાં સહયોગ પણ આપવામાં આવે છે. આમ વિદ્યાથીઓનો સમગ્રપણે વિકાસ કરી તેઓ આર્થિક અને સામાજિક સ્તરે સ્વનિભરે બની દેશના જવાબદાર નાગરિક બને એ આ વિદ્યાપીઠનુ મુખ્ય લક્ષ્ય છે. વળી પ્રાધ્યાપકોને બહારના નિષ્ણાતો બોલાવી સતત તાલીમ આપવામા આવે છે. જેથી તેઓ વિશ્વના પ્રવાહોથી માહિતગાર રહે તેને વિદ્યાથીઓને તે પ્રમાણે કેળવી શકે

શિક્ષણ એ વ્યકિતગત અને સામાજીક જીવનના ઉત્થાન માટે પાયાની જરૂરિયાત છે એક શિક્ષિત વ્યકિત આખા પરિવારના જીવન ધોરણને ઉપર લાવવામાં સહાયભૂત થઇ શકે છે.શિક્ષિત પરિવારથી સમાજ દેશ અને સમગ્ર માનવજાતિનું ભવિષ્ય ઉજ્જવળ બની શકે છે. આથી જે વિસ્તારના સવાગી વિકાસ અથે ધરમપુર અને તેની આસપાસના ગ્રામીણ વિસ્તારના વિદ્યાથીઓના સવાંગી વિકાસ માટે પૂજય ગુરુદેવની શિક્ષણ ક્ષેત્રે વિવિધ પ્રવુતિઓની પ્રેરણા કરી છે જેમ કે શ્રીમદ રાજચંદ્ર વિધાવિહાર વિજ્ઞાન શાખાની સ્કુલ શ્રીમદ રાજચંદ્ર ગુરુકુળ રાહત દરે શ્રીમદ રાજચંદ્ર શૈક્ષણિક સાધન સહાય વિદ્યાથીઓની કલા પ્રદશીત કરવાનો કાર્યક્રમ શ્રીમદ રાજચંદ્ર કલા ઉતસ્વ યુવાવર્ગને રોજગાર લક્ષી શિક્ષણ અર્થે શ્રીમદ રાજચંદ્ર સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર શ્રીમદ રાજચંદ્ર એજ્યુકેશન ઓન વ્હીલ શ્રીમદ રાજચંદ્ર વિદ્યા વિકાસ યોજના શ્રીમદ રાજચંદ્ર કોમ્પયુટર કલાસીસ અને કોચીંગ વગેરે

આ બાળકો પણ શહેરી બાળકો સમકક્ષ શિક્ષણ અને સુવિધા મેળવી શકે તેઓ જવાબદાર નાગરિક અને સારા માનવી બને તેઓને કારકિદીક્ષેત્રે વિવિધ તકો પ્રાપ્ત થાય જે દ્વારા તેઓ આથિક અને સામાજિક સ્તરે મુખ્ય સમાજમાં ભળવા તરફ આગળ વધી શકે એ ઉદેશ્ય આ સઘળી પ્રવુતિઓનો છે